ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

કોઈએ મને પૂછ્યું,
તમે જિંદગીમાં શું કર્યુ ?
મેં જવાબ આપ્યો,
કશું જ નથી કર્યું,
કોઈ સાથે કપટ પણ નહીં !

## જન્મદિને વધામણી



છત્રસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ



તારાબેન નટુભાઈ દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬



અમિત ગોંડ
વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર
મો. ૮૪૦૧૪ ૮૮૫૮૮

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
ડિયર માયા
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
બેવૉચ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૮.૦૦
બેવૉચ (૩ડી, હિન્દી)
૩.૦૦, ૧૦.૩૦
પાઈરેટ્સ ઑફ ધી કૅરેબિયન
(૩ડી, હિન્દી) ૫.૩૦
**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ
(ગુજરાતી)
૧.૦૦
બાહુબલિ-૨
૩.૪૫, ૯.૩૦
હિન્દી મીડિયમ
૭.૦૦
**સ્ક્રીન-૫**
સ્વીટી વેડ્સ ઍનઆરઆઈ
૧૦.૦૦, ૧૨.૪૫, ૪.૦૦,
૧૦.૦૦
સચિન
૭.૧૫

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય.

- સંપાદક

### સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૬ ખાતે

# સરકારી પ્રાથમિક શાળાઓનો સમર કૅમ્પ







સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૬ ખાતે સાત શાળાઓનો સમર કૅમ્પ ગુરુવારથી આરંભાયો છે. સૅક્ટર-૬ પે સૅન્ટર ખાતે સાત શાળાઓનો આ સમર કૅમ્પ બાળકોમાં સર્જનશીલતા ખીલે, તેમનામાં રહેલી શક્તિઓને તેમને અનુભવ થાય અને તેઓ તેમની રસ-રુચિ પ્રમાણે નવસર્જનનો આનંદ લે તેવા આશયથી યોજવામાં આવ્યો છે. ગુરુવાર, ૧ જૂનથી આરંભાયેલો આ સમર કૅમ્પ ૩ જૂન સુધી કાયમ રહેશે, જેમાં ધોરણ-૧ માં પ્રવેશપાત્ર બાળક અને તેમનાં ભાઈ-બહેન તથા આસપાસમાં રહેતા વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ રહ્યા છે. શિબિર અંતર્ગત બાળકોને બાળગીતો, વિવિધ ફન ગેમ્સ, બાળવાર્તાઓ, પરંપરાગત રમતો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાન સાથે ગમ્મત આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. શિબિર કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને શ્લોકથી થાય છે અને ત્યારબાદ બાળગીતો, આઈસ બ્રેકર, બાળવાર્તાઓ, રમતો, પ્રવૃત્તિઓનો ક્રમ એમના માટે આરંભાય છે. ૧૦૦થી વધુ બાળકો આ શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યાં છે ને શિબિરનો આનંદ લઈ રહ્યાં છે.

### ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ દ્વારા

# મોચી સમાજનાં તેજસ્વી બાળકોને વિનામૂલ્યે ચોપડા આપવાનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ દ્વારા મોચી સમાજના સભ્યોના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, આ માટે પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને પોતાની માર્કશીટ પહોંચાડવા માટે ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ અંગેની એક અખબારી યાદીમાં ટ્રસ્ટના મંત્રી મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સંસ્થાના ગુજરાતભરમાં આશરે ૧૭૦૦ પરિવાર સભ્ય ધરતી આ સંસ્થા દ્વારા દર વર્ષે વિનામૂલ્યે ચોપડા વિતરણ કરવામાં આવે છે અને તેજસ્વી ટમટમતા તારલાઓને ઈનામ, ચંદ્રક આપવામાં આવે છે. તે પ્રમાણે આ વર્ષે ચોપડા વિતરણનો કાર્યક્રમ ૧થી ૩૦ જૂન દરમિયાન યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે વિદ્યાર્થીએ માર્કશીટની બે નકલો જરૂરી વિગત, કુટુંબ, ક્રમાંક, ટકાવારી વગેરે સાથે આપી ચોપડા મેળવી લેવાના રહેશે. ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓને ચોપડા આપવામાં આવશે અને ધોરણ-૧થી ૧૨ તથા કૉલેજના વિદ્યાર્થીઓની માર્કશીટ મૅરીટ માટે ગણતરીમાં લેવામાં આવશે. આ માટે સભ્યોએ અમદાવાદમાં બપોરે ૨થી ૫ દરમિયાન બુધેશભાઈ ઍસ ચૌહાણ, ૫૨૬, નિશાળવાસ, ચાવડી સામે, નવા વાડજ અને ગાંધીનગરમાં સવારે ૧૧થી ૧ દરમિયાન મહેન્દ્રભાઈ કે ચૌહાણ, પ્લૉટ નં. ૧૭૯/૨, કર્મભૂમિ સોસાયટી, મહાત્મા મંદિર પાસે, સૅક્ટર-૧૪નો સંપર્ક સાધવાનો રહેશે. રવિવાર તથા જાહેર તહેવારોએ રજા રહેશે, એમ તેમણે આ અખબારી યાદીમાં વધુમાં જણાવ્યું છે.

# પેથાપુરમાં ત્રિદિવસીય યોગ શિબિર





પતંજલિ યોગ પ્રચારક તનુજા અને ટીમ દ્વારા પેથાપુર ગામે ૩ દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરના આરંભ પ્રસંગે ૩૦૦ જેટલા યુવા કાર્યકર્તા ભાઈ-બહેનો દ્વારા એક રેલીનું આયોજન પણ કરાયું હતું, જેના માધ્યમથી સૌ ગ્રામવાસીઓને યોગ દિવસના કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

રેલીના માધ્યમથી ગ્રામજનોને સ્વચ્છતા અભિયાનની માહિતી પૂરી પાડવામાં આવી હતી અને નશામુક્ત થવા માટે અભિપ્રેરણ પણ પૂરું પડાયું હતું. ઉલ્લેખનીય છે કે ગામમાં ગામના વડીલ જિતેન્દ્રભાઈ તથા વિષ્ણુજીના માર્ગદર્શનમાં ત્રણ વર્ષથી યોગ કક્ષા ચાલી રહી છે. આગામી તા. ૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસ નિમિત્તે વર્લ્ડ રૅકર્ડ બનાવવા માટે જીઍમડીસી ગ્રાઉન્ડ, હૅલમૅટ ચાર રસ્તા પાસે, અમદાવાદ ખાતે આયોજિત સમૂહ યોગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે પેથાપુરથી નિઃશુલ્ક બસસેવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જે માટે મોબાઈલ નંબર ૮૮૬૬૩ ૮૭૫૮૬નો સંપર્ક કરવાનો રહેશે, એમ પતંજલિ યોગ પ્રચારક તનુજા મકવાણા દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.



જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ગુજરાત ઝોન -૭ ના પ્રમુખ ડૉ.ભુવન રાવલ દ્વારા ગાંધીનગર જે.સી.આઈ. પ્રમુખ ડૉ.પરાગી ગાંધીને વિવિધ સમાજલક્ષી, બાળકો, યુવાનો અને મહિલાઓના વ્યક્તિ વિકાસ માટેની વિવિધ તાલીમોના સંદર્ભમાં આઉટસ્ટેન્ડીગ પ્રેસીડેન્ટથી સન્માનિત કરીને કુલ ૧૩ જેટલા અર્પણ કરવામાં આવ્યા હતા. તેમની સાથે જેસીરેટ ચેરપર્સન રોનક પંડ્યા, જેજે ચેરપર્સન કાજલ વૈષ્ણવને મહિલાઓને અને બાળકોની વિશિષ્ટ પ્રવૃતિઓ બદલ સન્માન કરવામાં આવ્યુ હતુ. સમગ્ર ગુજરાતમાં ગાંધીનગર જેસીસ ને સૌથી વધારે એવોર્ડ મળવાનું સન્માન પ્રાપ્ત થયુ હતુ. જેસીસ પ્રમુખ પરાગી ગાંધીએ આગામી સમયમાં વધુ સઘન કામગીરી કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજનો ૭૫મો પ્રાગટ્ય સદ્ભાવ અમૃત પર્વ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનો ૭૫મો પ્રાગટ્ય સદ્ભાવ અમૃત પર્વ શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, વિશ્વ શાંતિ કેન્દ્ર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત ઈષ્ઠ ઉપાસ્ય દેવ શ્રી સ્વામીનારાયણ ભગવાનનું પૂજન, અર્ચન સદ્ભાવ સહિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજ જનકલ્યાણના અનેક પ્રકલ્પો માટે સંસ્થાન દ્વારા યથાશક્તિ સહાય પૂરી પાડવામાં આવી રહી છે. આફ્રિકાના મસાઈમારા એલીફન્ટ અભ્યારણમાં શિકારીઓના હાથે લુપ્ત તથા હાથીઓના બચાવ અને રક્ષણ માટે લાખો કેનિયન શિલીંગનું દાન, હાથીઓનાં બચ્ચાઓને દત્તક લેવામાં આવ્યાં, કેનિયામાં દિવ્યાંગ અને અનાથ બાળકોનો લાખો કેનિયન શિલીંગનું દાન, ૧૩૦ નંગ ડબલ બેડ, ગાદલાં, ચોરસા, રજાઈનું દાન, ગુજરાતના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પશુધન માટે ઘાસચારા માટે ૧૦.૪૦ લાખ કિલો લીલાસૂકા ઘાસચારા માટે દાન, પીવાના પાણીની વ્યવસ્થા જેવાં કામો આ યાદીમાં સામેલ છે. વિશ્વમાં પ્રથમ એવા આંતરરાષ્ટ્રીય મૈત્રી અને આપત્તિ વ્યવસ્થાપન કાર્યક્રમોનું આયોજન કરી સાર્ક, એશિયન અને આફ્રિકન દેશોને મૈત્રીભાવે જોડાઈ વિશ્વશાંતિ માટે પહેલ કરી છે. ગ્લોબલ વૉર્મિંગની સમસ્યા સામે રક્ષણ ૨૦ હજારથી વધુ વૃક્ષો રોપી તેનું જતન કરવામાં આવ્યું હતું, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને દિલ્લી રાજ્યમાં પછાત અને આદિવાસી બાળકો માટે સ્કૂલબૅગ અને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું, રમતગમત ક્ષેત્રે પ્રગતિ કરે તેવાં બાળકોને આર્થિક સહાય કરવામાં આવી હતી, કલા-સાહિત્ય-સંગીત-નૃત્ય-પેઈન્ટિંગ વગેરે ક્ષેત્રોનાં અગ્રણી મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા તથા આવાં ક્ષેત્રોમાં ઉભરતા સિતારાઓને અનુદાન આપી તેમને આગળ વધવા સહાય પણ પૂરી પાડવામાં આવી હતી. મહિલાઓના વિકાસ માટે સિલાઈ મશીન ઉપરાંત ગૃહઉદ્યોગ માટે સહાય, પછાત દર્દીઓને હજારો કિલો ખોરાક, દૂધ, ફળ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત દેશ માટે શહીદી વહોરનાર દેશપ્રેમી શહીદોના પરિવારો માટે પણ દાન અને દુર્ગમ વિસ્તારોમાં ફરજ બજાવતા સૈનિકોને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### ગાંધીનગર સ્વર્ણિમ પાર્કમાં યોજાતા નિઃશુલ્ક મનોરંજક શોએ ઈતિહાસ સર્જ્યો

# 'સૅટરડે નાઈટ્સ'ના ૫૦ ઍપિસોડ સંપન્ન







દર શનિવારે ગાંધીનગર સ્વર્ણિમ પાર્કમાં આયોજિત 'સૅટરડે નાઈટ્સ' નામના નિઃશુલ્ક શોએ ગત શનિવારે પોતાના આ ઉપક્રમના ૫૦ સપ્તાહ પૂર્ણ કરવામાં આવ્યા હતા. આ ૫૦મો ઍપિસોડ આયોજકો દ્વારા ખૂબ ઉત્સાહપૂર્વક યોજવામાં આવ્યો હતો અને તે નિમિત્તે પહેલીવાર સંપૂર્ણ મનોરંજક નાટકનું મંચન કરવામાં આવ્યું હતું. આ અગાઉ આયોજકો દ્વારા સૅટરડે નાઈટ્સ અંતર્ગત જે નાટકો રજૂ કરવામાં આવ્યાં હતાં, તે મનોરંજક તો ભરપૂર હતાં પરંતુ તે દરેક નાટકના માધ્યમથી સમાજને કોઈ સંદેશ પાઠવવામાં આવ્યો હતો, આ વખતે એમ ન હતું. નાટક માત્ર ને માત્ર મનોરંજનના હેતુથી જ ભજવવામાં આવ્યું હતું. 'બાબારી ટી સ્ટોલ' નામનું આ હાસ્યનાટક પ્રેક્ષકો દ્વારા ખૂબ વખણાયું પણ હતું. એ નાટક પછી બે સુંદર ગીતો અને ત્યારબાદ વેસ્ટર્ન ડાન્સનો મનભાવન માહોલ જામ્યો હતો, જેમાં પ્રેક્ષક તરીકે ઉપસ્થિત યુવા, બાળકો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે 'પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સ'ના બૅનર તળે 'સૅટરડે નાઈટ્સ'નું આયોજન શહેરમાં કરવામાં આવે છે. સાત-આઠ મિત્રોથી આરંભ પામેલો આ અનોખો શો એ પ્લગ-ઈન્સના માલિક, સંચાલક દિવ્યકાન્ત વર્માના વિચારનું સાફલ્ય છે. 'સૅટરડે નાઈટ્સ'ના ૫૦મા ઍપિસોડ પ્રસંગે બિગ શૉટ ઈવેન્ટ મૅનેજમૅન્ટ, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી ગાંધીનગર તાલુકા બ્રાન્ચ, શાંતમ રૅકોર્ડ ઈન અને કુંજ કલા કેન્દ્ર જેવી સંસ્થાઓ તરફથી આ કાર્યક્રમના આયોજકો, કલાકારોનું સન્માન એમના જ મંચ પર કરવામાં આવ્યું હતું. સંજય તન્ના, કશ્યપ નિમાવત, પ્રતિક્ષા નિમાવતના હસ્તે સન્માનપત્રનો સ્વીકાર આ અનોખા કલાકારોએ કર્યો ત્યારે એમનાં હૈયાંમાં હરખની હેલી ઉમટી પડી હતી. નગરના સિનિયર કલાકાર કુંતલ નિમાવતે આ અનોખા શોને વધાવતાં તેની વિશેષતાઓ પ્રેક્ષકોને જણાવતાં ઉલ્લેખ કર્યો હતો કે 'સૅટરડે નાઈટ્સ' એ ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમ એવો જાહેર અને નિઃશુલ્ક શો બની ગયો છે જેણે એક જ સ્થળે, એક જ ટીમ સાથે અલગ-અલગ થીમ પર ૫૦ અઠવાડિયાં પૂર્ણ કર્યાં હોય. ઉપરાંત, માત્ર નાટક જ નહીં, ગીત-સંગીત, સ્ટેન્ડ-અપ કૉમેડી, ડાયરો, લોકવાર્તા અને ડાન્સ જેવાં કલાનાં અનેક સ્વરૂપોનું પણ મંચન કરીને તેણે અનેક વિવિધતાઓ પોતાનામાં સમાવી છે. માત્ર ૭ કલાકારોથી આરંભ પામેલો આ શો આજે ૭૦ કલાકારોનો કાફલો ધરાવે છે એ તેની સફળતા છે. દર શનિવારે અલગ થીમ સાથે આવવું અને એ થીમ મુજબ નાટક ને અન્ય કૃતિઓ સુપેરે પ્રસ્તુત પણ કરવી એ ખરેખર અઘરું કામ છે, જે 'સૅટરડે નાઈટ્સ'ના કલાકારોએ બખૂબી નિભાવ્યું છે ને એટલે જ તેના નિયમિત પ્રેક્ષકોની સંખ્યા પણ વધવા લાગી છે. 'સૅટરડે નાઈટ્સ'ની સફળતાનું જેટલું શ્રેય આયોજક કલાકારોને જાય છે તેટલું જ શ્રેય તેના પ્રેક્ષકોને પણ જાય છે એવો ઉલ્લેખ કરીને કુંતલ નિમાવત દ્વારા આ કાર્યક્રમના નિયમિત અને સક્રિય એવા બે પ્રેક્ષકોનું સન્માન કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી, જેના અનુસંધાને ૩જી જૂને ૫૧મા ઍપિસોડ દરમિયાન બે પ્રેક્ષકોનું સન્માન કરવાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.